સંક્ષિપ્ત સમાચાર

સિંગવડના રાધાકૃષ્ણ મંદિર ખાતે અગિયારસના દિવસે ધ્વજા ચડાવવામાં આવી

સિંગવડ : સિંગવડ નગરના મધ્યમાં આવેલા પ્રસિદ્ધ રાધાકૃષ્ણ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ અગિયારસ (પરિવર્તિની એકાદશી) ના પાવન દિવસે ધ્વજા બદલવાની પરંપરા યથાવત રાખવામાં આવી હતી. પરંપરા મુજબ મંદિર પરની જૂની ધજા ઉતારીને નવી ધજા ચડાવવામાં આવતી હોય છે. આ વખતે પણ ભક્તો દ્વારા ધજાની વિધિવત પૂજા-અર્ચના કર્યા બાદ મંદિરના શિખર પર નવી કેસરિયા ધજા ચડાવવામાં આવી હતી. ધ્વજારોહણ બાદ મંદિર ખાતે ભગવાન રાધાકૃષ્ણની મહાઆરતી કરવામાં આવી હતી.

સુખસર તાલુકાના સરસવા પૂર્વ પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

સુખસર : "સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ" અને "જનસેવા સરદાર તમારો સુધી" ના સૂત્ર સાથે ગુજરાત સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સુખસર તાલુકામાં સરસ્વા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ નાગરિકોને એક જ સ્થળે અને સરળતાથી મળી રહે તે માટે આજુબાજુ મના સરસ્વાપૂર્વ, ચીખલી, ગવાડુંગરા, બલૈયા, ભાટ મુવાડી, નિંદકા પૂર્વ, ટાઢીગોળી, આસપુર અને રૂપાખેડાના ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

મોટી શામળદેવીમાં રામદેવજી જન્મોત્સવની ભવ્ય ઉજવણી: ભક્તિમય શોભાયાત્રા લોકો ઝુમી ઉઠ્યા

કાલોલ : ભાદરવા સુદ દશમ એટલે લોકદેવતા અને વિષ્ણુ અવતારી ભગવાન રામદેવજી મહારાજનો પવિત્ર જન્મદિવસ. આ પાવન દિવસ નિમિત્તે કાલોલ તાલુકાના મોટી શામળદેવી ગામે ભક્તિ અને ઉલ્લાસભર્યા માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જ્યાં સમસ્ત ગામના લોકો ભગવાન શ્રી રામદેવજીના મંદિરે એકત્ર થયા હતા. મંદિર ખાતે વિધિવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં ભાવિકોએ ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી અને કથા તેમ જ પૂજા બાદ ગામમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સિંગવડ તાલુકાના ભુતખેડી ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો, 100% અરજીઓનો નિકાલ

સિંગવડ : સિંગવડ તાલુકાના ભુતખેડી ગામે આજે ગુજરાત સરકારના મહત્વકાંક્ષી સેવા સેતુ કાર્યક્રમ - 2.2 (ગ્રામ્ય) નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર, માજી ધારાસભ્ય વિછીયા ભાઈ ભુરીયા, સિંગવડ તાલુકા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ભાભોર, સિંગવડ મામલતદાર તથા સ્ટાફ, તાલુકા વિકાસ અધિકારી તથા સ્ટાફ, જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, સરપંચો, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય કર્મચારીઓ પ્રાથમિક શાળા સ્ટાફ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સેવા સેતુ કાર્યક્રમમાં નાની સંજેલી પાતા ભુતખેડી, તારમી છાપરી, હાંડી, અગારા, પરમારના ડુંગરપુર વગેરે ગામોના અરજદારોની અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

કાલોલના સણસોલીમાં 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત એક્સ-રે કેમ્પ યોજાયો

કાલોલ : પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના સણસોલી ગામ ખાતે ભારત સરકારના 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત તા. 21 સપ્ટેમ્બરના રોજ PHC-સણસોલી અને AAM-સણસોલીના સંયુક્ત આયોજનથી એક્સ-રે કેમ્પ યોજાયો હતો.કેમ્પ દરમિયાન ગ્રામજનોના છાતીના X-Ray, NCD (બિનસંક્રમિત રોગો) સ્ક્રિનિંગ તથા સામાન્ય આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. સાથે આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા ગ્રામજનોને વિવિધ આરોગ્યલક્ષી માહિતી, જરૂરી માર્ગદર્શન અને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું.કેમ્પમાં કુલ 95 ગ્રામજનોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી, જેમાં 37 પુરુષો અને 58 મહિલાઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં યોજાયેલા આ પ્રકારના આરોગ્ય કેમ્પથી લોકોને સમયસર આરોગ્ય તપાસની સુવિધા મળી રહે છે.

દાહોદમાં દિલધડક ચોરી કરી ગઠિયો ફરાર!

ભરચક ઠક્કર ફળિયામાંથી વેપારીની ૧.૧૫ લાખની રોકડ ભરેલી થેલી

આસપાસના ઝઝૂફ કૂટેજ ચકાસીને શાતિર ગઠિયાનું સગડ મેળવવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે

(પ્રતિનિધી) દાહોદ, તા.22

દાહોદ શહેરના અત્યંત ધમધમતા અને ભરચક ગણાતા ઠક્કર ફળિયા વિસ્તારમાં દિન દહાડે ચોરીની એક સનસનીખેજ ઘટના સામે આવ છે. વેપારીની નજર ચૂકવીને તસ્કરો માત્ર ગણતરીની સેકન્ડોમાં રૂ. ૧.૧૫ લાખ ભરેલી થેલી લઈને અદ્રશ્ય થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. મળતી માહિતી મુજબ, સ્થાનિક વેપારી મહેશભાઈ અગ્રવાલ પોતાના એક્ટિવા પર રૂ. ૧.૧૫ લાખની રોકડ રકમ ભરેલી થેલી લટકાવીને પોતાની દુકાને પહોંચ્યા હતા. તેઓ જેવા એક્ટિવા ઊભું રાખીને દુકાનનું શટર ખોલવા માટે આગળ વધ્યા, કે તરત જ પળવારમાં તકનો લાભ ઉઠાવી શાતિર ગઠિયો એક્ટિવા પર લટકાવેલી નાણાં ભરેલી થેલી લઈને રફુચક્કર થઈ ગયો હતો. મહેશભાઈ કંઈ સમજે કે બૂમાબૂમ કરે તે પહેલાં જ ચોર નજરોથી ઓઝલ થઈ ચૂક્યો હતો. દિનદહાડે ભરચક બજારમાંથી લાખો રૂપિયાની ઉઠાંતરીની ઘટનાથી વેપારી આલમમાં ભય અને રોષનો માહોલ ફેલાયો છે. બનાવની જાણ થતાં જ દાહોદ બી ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ભોગ બનનાર મહેશ અગ્રવાલની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

તાલુકા શાળા દાહોદ ખાતે મધ્યાહન ભોજન યોજનાનો શુભારંભ

(પ્રતિનિધિ) દાહોદ, તા.22

તાલુકા શાળા દાહોદ ખાતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે મધ્યાહન ભોજન યોજનાનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દાહોદના ધારાસભ્ય શ્રી કનૈયાલાલ કિશોરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યએ વિદ્યાર્થીઓને પોષ્ટિક આહાર મળી રહે તે હેતુથી યોજનાનો પ્રારંભ કરાવીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે દાહોદના પ્રાંત અધિકારી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શાળાના આચાર્ય, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે શાળા પરિવાર અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત ભોજન પીરસવામાં આવ્યું હતું.

સિંગવડ મામલતદાર કચેરી ખાતે લાભાર્થીઓ ઉમટ્યા

એસપી રવિરાજસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને સ્વાગત કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) સિંગવડ, તા.22

સિંગવડ મામલતદાર કચેરી ખાતે આજે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં અધ્યક્ષ તરીકે દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. એસપી રવિરાજસિંહ જાડેજા સિંગવડ ખાતે આવી પહોંચતા જ સિંગવડ નાયબ મામલતદાર દ્વારા તેમનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં કુલ પાંચ અરજીઓ આવી હતી, જેમાંથી ત્રણ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો, જ્યારે બે અરજીઓના જવાબ પેન્ડિંગ રાખવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી સિંગવડ, તાલુકા આરોગ્ય અધિકારી, ICDS અધિકારી સહિત બીજા અનેક વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અરજીઓની વિગતઃ - જયેશભાઈ ચૌહાણ દ્વારા તેમની ગ્રામ પંચાયતમાં થયેલા ભ્રષ્ટાચાર અને સરકારી કામોની તપાસ કરવા માંગણી કરવામાં આવી હતી. - બે અરજીઓ મરણના દાખલા કાઢી આપવા બાબતે હતી. - એક અરજી અનામત ફોરેસ્ટ વિભાગની જમીન કાયમી મળવા બાબતની હતી. - એક અરજી વિકાસના કામોમાં થતી અડચણ દૂર કરવા બાબતની હતી.

ઝાલોદ એસ.ટી. ડેપોમાં વિશેષ આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો

140થી વધુ ડ્રાઇવર, કંડક્ટર, મેકેનિક સહિતના કર્મચારીઓની આરોગ્ય તપાસ

(પ્રતિનિધી) ઝાલોદ, તા.22

ઝાલોદ એસ.ટી. ડેપો ખાતે તા. 22 સપ્ટેમ્બર, 2026ના રોજ તાલુકા આરોગ્ય કચેરી, ઝાલોદના સહયોગથી વિશેષ આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝાલોદ તાલુકા આરોગ્ય અધિકારી ડો. તુષાર ભાભોરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં એસ.ટી. ડેપોના 140થી વધુ ડ્રાઈવર, કંડક્ટર, મેકેનિક સહિતના કર્મચારીઓએ આરોગ્ય તપાસ કરાવી હતી. સવારે 9 વાગ્યાથી શરૂ થયેલા કેમ્પમાં કર્મચારીઓની આંખોની તપાસ ઉપરાંત બ્લડ પ્રેશર (બી.પી.) અને ડાયાબિટીસ માટે બ્લડ સુગરની તપાસ કરવામાં આવી હતી. લાંબા સમય સુધી મુસાફરી અને જવાબદારીભરી ફરજ બજાવતા એસ.ટી. કર્મચારીઓના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ વધે અને નિયમિત આરોગ્ય તપાસ થાય તે હેતુથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.કેમ્પમાં તાલુકા આરોગ્ય કચેરી ઝાલોદના સહયોગથી ગામડી પી.એચ.સી.ના ડૉ. અર્પિત નીનામા, સી.એચ.ઓ. પટેલ સ્નેહા, સી.એચ.ઓ. પારગી રાજેન્દ્રભાઈ તથા આર.બી.એસ.કે. ફાર્માસિસ્ટ દ્વારા આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે ઝાલોદ એસ.ટી. ડેપો મેનેજર નિલેશ મુનિયા સહિત ડેપોના 140થી વધુ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આરોગ્ય તપાસ કરાવી હતી.

દાહોદ તાલુકાના સીમલીયા ખુર્દ ગામે "સેવા સેતુ" કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.22

ગુજરાત સરકારના લોકકલ્યાણલક્ષી અભિગમને વધુ વેગ આપવાના હેતુથી દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના સીમલીયા ખુર્દ ગામે "સેવા સેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રામજનોને વિવિધ સરકારી વિભાગોની સેવાઓ અને આરોગ્યલક્ષી સેવાઓનો લાભ એક જ સ્થળે મળી રહે તે માટે વિવિધ વિભાગો દ્વારા કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગરબાડા ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, દાહોદ પ્રાંત અધિકારી મિલિન્દ દવે, મામલતદાર પી.બી. ગોહિલ, તાલુકા વિકાસ અધિકારી અનિલ રાઠવા, તાલુકા પંચાયત પ્રમુખ અનિલ કિશોરી, તાલુકા ભાજપ પ્રમુખ તથા પુરવઠા મામલતદાર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વિવિધ મંડળો દ્વારા આકર્ષક ઝાંખીઓ વચ્ચે બિરાજમાન શ્રીજી

દાહોદ વિવિધ ધાર્મિક થીમ પર આધારિત ઝાંખીઓએ ભારે આકર્ષણ જમાવ્યું

(પ્રતિનિધી) દાહોદ, તા.22

દાહોદ શહેર સહિત સમગ્ર જિલ્લામાં ગણેશોત્સવની ઉજવણી ભારે ધૂમધામથી કરાઈ રહી છે. અને વિવિધ ભવ્ય મંડળકો માં બિરાજમાન શ્રીજીને નિત નવા પ્રસાદ ધરાવી પુજા અર્ચન કરી લાડ લડાવાઈ રહ્યા છે. અને શ્રીજી પણ આનબાન અને શાન સાથે મહેમાનગતિ માણી રહ્યા છે. ત્યારે દાહોદ શહેરમાં ગણેશ ઉત્સવની ભક્તિમય ઉજવણી સાથે વિવિધ ગણેશ મંડળો દ્વારા તૈયાર કરવામાં આવેલ આકર્ષક અને થીમ આકર્ષણનું કેન્દ્ર બની છે. શહેરના વિવિધ માર્ગો વિસ્તારોમાં ઊભા કરાયેલા ભવ્ય ગણેશ પંડાલો અને નયન રમ્યો જાગ્યો નિહાળવા સાંજથી મોડી રાજ સુધી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. દરજી સોસાયટીમાં ગણેશ મંડળ દ્વારા દ્વારકા નગરી ની ઝાંખી તૈયાર કરવામાં આવી છે જ્યારે નગરપાલિકા એમ જી રોડ ખાતે તૈયાર કરવામાં આવેલી કેદારનાથ મંદિરની ઝાંખી ભક્તોમાં ભારે આકર્ષણ જમાવી રહી છે. બહારપૂરા કિકલાવાલા કમ્પાઉન્ડમાં શ્રીમંત દગડુ શેઠ હલવાઈ ગણપતિની સ્થાપના કરવામાં આવી છે. શહેરના નદીપારના વિસ્તારમાં આવેલ સહકાર નગરમાં રામેશ્વર નવયુવક મંડળ દ્વારા નયનરમ્ય ઝાંખી તૈયાર કરાય છે. જ્યારે ભીલવાડા વિસ્તારમાં હોરર થીમ પર બનાવેલી ઝાંખી ખાસ કરીને બાળકોને યુવાનોમાં ભારે ઉત્સુકતા જગાવી રહી છે. તેમજ માળી સમાજ દ્વારા તૈયાર કરાયેલ શીશ મહેલની ઝાંખી અને પરેલ રામસેતુની ઝાકી પણ લોકોનું વિશેષ ધ્યાન ખેંચી રહી છે. આ ઉપરાંત ગૌશાળા, સોનીવાડ, ડબગરવાડ, ચાર થાંભલા, ગોધરા રોડ, ગોદી રોડ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં ગણેશ મંડળોના આયોજકો દ્વારા અલગ અલગ થીમ પર આકર્ષક ઝાંખીઓ તૈયાર કરવામાં આવી છે.

રણધીકપુર પોલીસ મથકે જિલ્લા પોલીસ વડાએ વાર્ષિક ઈન્સ્પેક્શન કર્યું

(પ્રતિનિધી) સિંગવડ, તા.22

સિંગવડ, તાલુકાના રણધીકપુર પોલીસ મથક ખાતે જિલ્લા પોલીસ વડા આવી પહોંચતા રણધીપુર પીઆઇ એન કે ભરવાડ તથા સ્ટાફ દ્વારા સલામી આપવામાં આવી હતી ત્યાર પછી પોલીસ વડા દ્વારા વાર્ષિક ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ ઈન્સ્પેક્શન દરમિયાન તમામ પોલીસ મથકના આઉટ પોસ્ટ ઓફિસો નો નિરીક્ષણ કરવામાં આવ્યું હતું ત્યાર પછી કાયદો અને વ્યવસ્થા, ગુનાઓની તપાસની કામગીરી અને પોલીસ મથકની વહીવટી કામગીરીની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડાએ પોલીસ મથકના રેકર્ડ, હથિયારો, લોકઅપ, સ્ટાફની કામગીરી અને પેન્ડિંગ ગુનાઓની સમીક્ષા કરી હતી. તેમજ સ્ટાફને કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા અને પ્રજાલક્ષી કામગીરી કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

કાલોલ સ્ટેશન રોડ પર વિસ્તારમાં ૬ મહિનાથી મોબાઈલ નેટવર્કના ધાંધિયા

ગ્રાહકોમાં ભારે રોષ, અન્ય સિમકાર્ડ નેટવર્ક કંપનીઓમાં પોર્ટ કરાવવા મજબૂર

(પ્રતિનિધી) સિંગવડ, તા.22

કાલોલ શહેર તથા આસપાસના તાલુકા વિસ્તારોમાં ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) ની મોબાઈલ નેટવર્ક સેવા સંપૂર્ણપણે કથળી જતાં ગ્રાહકોમાં તીવ્ર અસંતોષ વ્યાપી ગયો છે. ખાસ કરીને કાલોલ સ્ટેશન રોડ પર આવેલી વિવિધ રહેણાંક સોસાયટીઓમાં છેલ્લા છ મહિનાથી BSNLનું નેટવર્ક વારંવાર ખોરવાઈ જવાની ગંભીર ફરિયાદો ઉઠવા પામી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં BSNLના નેટવર્ક સિગ્નલ યોગ્ય રીતે મળતા નથી, જેના કારણે મહત્વના ફોનકોલ ડ્રોપ થઈ જાય છે અથવા કનેક્ટ જ થતા નથી. આ ઉપરાંત મોબાઈલ ઈન્ટરનેટની સ્પીડ પણ અત્યંત ધીમી રહે છે અથવા સેવા સાવ બંધ થઈ જાય છે. ડિજિટલ યુગમાં મહત્વના ઓનલાઈન કામકાજ, બેંકિંગ ટ્રાન્ઝેક્શન અને રોજીંદા ફોનકોલ માટે BSNL પર નિર્ભર ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. નેટવર્કની આ કાયમી સમસ્યાથી કંટાળીને અનેક ગ્રાહકોએ આખરે BSNL માંથી અન્ય ખાનગી ટેલિકોમ કંપનીઓના નેટવર્ક તરફ સ્થળાંતર (પોર્ટ) કરવાની ફરજ પડી હોવાનું જાણવા મળ્યું છે.

વેજલપુર ગામે વિઘ્નહર્તા ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું

(પ્રતિનિધી) કાલોલ, તા.22

કાલોલ તાલુકાના વેજલપુર ગામે શ્રીજીનુ સાત- દિવસ નું આતિથ્ય માનયા બાદ વિસર્જન યાત્રા પરંપરા મુજબ સાર્વજનિક ગણેશ સાથે રામજી મંદિરેથી નીકળી હતી આ વિશાળ નગર યાત્રાની રામજી મંદિર થી શરૂઆત કરવામાં આવી હતી અને આ યાત્રા માં વિવિધ ગણેશ મંડળો ગણપતિ અને ડી.જે તેમજ ઢોલ નગારાના તાલે દેશ ભક્તિ ગીતો સાથે યાત્રામાં મોટી સંખ્યામાં ગણેશભક્તો જોડાયા હતા. આ યાત્રામાં મોટી કાછીયાવાડ નાનીકાછીયાવાડ સોનીવાડ મોટાપરા ખેડા ફળિયા ભોઈવાડા તેમજ વિવિધ મંડળોના ગણપતિ સાથે સામેલ થયા હતા.આ યાત્રા રામજી મંદિરેથી નીકળી વિવિધ વિસ્તારો જેવા કે મોટી કાછીયાવાડ મેન બજાર હોલી ચકલામાં અને મુસ્લિમ વિસ્તારમાં આવી હતી અને ત્યાર બાદ દીવાન ફળિયા અને નાની કાછીયાવાડ માળી ફળિયા મંદિર ફળિયા મુખ્ય બજાર ગામ પંચાયત પોલીસ સ્ટેશન થઈ મોટા તળાવ ખાતે નાના મોટા ગણપતિ દાદાનુ વિસર્જન કરવામાં આવ્યું હતું.

હાલોલના સાથરોટા નજીકથી દારૂભરેલા ટ્રક સાથે એકની ધરપકડ

હાલોલ : હાલોલ તાલુકામાં પ્રોહિબિશન ની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન હાલોલ રૂરલ પોલીસ સાથરોટા ગામ નજીક ભારતીય બનાવટનો વિદેશી દારૂ ની હેરાફેરી થઈ રહી છે તેવી ચોક્કસ બાકીના આધારે હાલોલ રૂલર પોલીસે બાતમીના સ્થળ ઉપર રેડ કરતા ત્યાંથી ભારતીય બનાવટ નો વિદેશી દારૂ નો મોટો જથ્થો પોલીસે સાથરોટા ગામેથી ઝડપી પાડ્યો તેમજ સાથે આ ગુનામાં સંડોવાયેલા એક 21 વર્ષીય યુવકનેપણ ઝડપી પાડ્યો હતો જેનું નામ જસરાજ ખેતારામ જાટ રહેવાસી ડુંગરો કા તલથાના સદર તાલુકા જિલ્લો બાડમેર જે રાજસ્થાનનો હોવાનું બહાર આવ્યું છે.

લીમખેડા તાલુકા કક્ષાનો 'તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ' સંપન્ન

(પ્રતિનિધી) દાહોદ, તા.22

પ્રજાજનોના પડતર પ્રશ્નો અને રજૂઆતોનો ઝડપી તથા પારદર્શી રીતે નિકાલ લાવવાના ઉદ્દેશ્ય સાથે લીમખેડા તાલુકા સેવા સદન ખાતે 'તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકાના વિવિધ ગામોમાંથી 15 અરજીઓ કરવામાં આવી હતી અને તમામ અરજદારો પણ આવેલા ગ્રામજનોએ પોતાના જમીન, મહેસૂલ, પંચાયત, રસ્તા, વીજળી, પાણી તેમજ સામૂહિક વિકાસને લગતા વિવિધ પ્રશ્નો અંગે લેખિત રજૂઆતો કરી હતી. સંબંધિત અધિકારીઓ દ્વારા આ અરજીઓ ધ્યાને લઈ મોટાભાગના પ્રશ્નોનું સ્થળ પર જ સંતોષકારક નિરાકરણ લાવવામાં આવ્યું હતું. જ્યારે નીતિવિષયક અને તાંત્રિક બાબતો સાથે જોડાયેલા પ્રશ્નો માટે સમયમર્યાદા નક્કી કરી ઝડપી ઉકેલ લાવવા ખાતરી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન લીમખેડા પ્રાંત મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી (TDO) સહિત વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આચાર્ય સામે ગાળાગાળી અને એલ.સી. કાઢી આપવાની ધમકીના આક્ષેપો

સંજેલીની સંસ્કાર અનુદાનિત નિવાસી શાળામાં "મજૂરી કાંડ"ના આક્ષેપોથી ખળભળાટ!

(પ્રતિનિધી) દાહોદ, તા.22

સજેલી તાલુકાના પીછોડા ખાતે આવેલી શ્રી સંસ્કાર અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા સામે વિદ્યાર્થીઓની સુરક્ષા અને શાળાની કામગીરીને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. શાળાના આચાર્ય હિતેશભાઈ પટેલ અને શિક્ષિકા તેજલબેન રાવત સામે વિદ્યાર્થીઓ પાસે પથ્થરો ઉપાડાવવા અને મજૂરી કરાવવાના આક્ષેપ સાથે વાલી દ્વારા જિલ્લા કલેક્ટર, ડીડીઓ, સમાજ કલ્યાણ વિભાગ સહિત ગાંધીનગર સુધી લેખિત રજૂઆત કરી તપાસ અને કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. વાલી સુરેશભાઈ દીપસિંગભાઈ વાદીના જણાવ્યા મુજબ તેમના ત્રણ બાળકો આ શાળામાં અભ્યાસ કરે છે. રક્ષાબંધનના તહેવારના બે દિવસ અગાઉ વિદ્યાર્થીઓ પાસે કચરા-પોતા કરાવવા ઉપરાંત તીક્ષ્ણ પથ્થરો ઉપાડાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. આ દરમિયાન પથ્થર ઉપાડતી વખતે તેમના પુત્ર રાજેશભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચી હોવાનો વાલીનો દાવો છે. સૌથી ગંભીર સવાલ એ છે કે વિદ્યાર્થીને ઈજા થયા બાદ શાળા સત્તાવાળાઓ દ્વારા વાલીને જાણ કરવામાં આવી કે નહીં? વાલીનો આક્ષેપ છે કે તેમને શાળા તરફથી કોઈ જાણ કરવામાં આવી નહોતી અને રક્ષાબંધનની રજાઓ દરમિયાન બાળક ઘરે આવ્યા ત્યારે સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. ઘટનાની જાણ થતાં વાલી શાળામાં જવાબ માંગવા પહોંચ્યા ત્યારે આચાર્ય દ્વારા ગાળાગાળી કરવામાં આવી, જ્ઞાતિપ્રત્યે અપમાન જનક શબ્દોનો ઉપયોગ થયો તેમજ બાળકોનું એલ.સી. કાઢી આપવાની ધમકી આપવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.